DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Dr. Babasaheb Ambedkar Open University Marg,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 481
E-mail : gargi.research@baou.edu.in | website : www.baou.edu.in

તા. 04/05/2026

# 'ગાર્ગી' – મહિલા સર્વાંગી વિકાસ કેન્દ્ર દ્વારા

# મહિલાલક્ષી પુસ્તક લેખન – પ્રકાશન પુરસ્કાર - 2026

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં 'ગાર્ગી – મહિલા સર્વાંગી વિકાસ કેન્દ્રની સ્થાપના કરવામાં આવી. 'ગાર્ગી' – મહિલા સર્વાંગી વિકાસ કેન્દ્ર જે મહિલાઓના શિક્ષણ, રોજગાર, વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી મહિલાઓના સર્વાંગીણ વિકાસ અને સશક્તિકરણ માટે કાર્ય કરે છે. અહીં, સમાજના વિવિધ સ્તરોની ગ્રામીણ અને શહેરી મહિલાઓ, આદિવાસી મહિલાઓ, વિધવાઓ, શારીરિક રીતે અશક્ત, ટ્રાંસજેન્ડર અને સેક્સ વર્કસ જેવી સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિવાળી તમામ વયની છોકરીઓ અને સ્ત્રીઓ આ કેન્દ્રમાં જોડાય રહી છે અને તેમના જીવનમાં સકારાત્મક પરિવર્તનની સાક્ષી બની શકે છે.

આ કેન્દ્ર મહિલાઓના વિકાસાર્થે કાર્ય કરે છે. આ કેન્દ્ર દ્વારા મહિલા સંબંધિત કોઈપણ વિષય પર પુસ્તક લેખન - પ્રકાશન માટે દરવર્ષે રૂ. 5,000/-ની સહાય આપે છે. આ વર્ષે ફરી મહિલા સંબંધિત મહિલાઓ લેખિત કોઈપણ મુદ્દા પર પુસ્તક લેખન – પ્રકાશન માટે પ્રસ્તાવ સોફ્ટ કૉપી **Google Form Link: https://forms.gle/UxTXPE6rnxnYYASg7** પર તા. **04/06/2026** સુધીમાં મોકલી શકાશે.

➢ **પુસ્તક લેખન – પ્રકાશન દરખાસ્ત માટે માર્ગદર્શન – નિયમો :**

- પુસ્તક લેખન દરખાસ્ત માટે મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર/ટ્રાન્સ મહિલા ઉમેદવારોને જ આમંત્રિત કરવામાં આવે છે.
- 'ગાર્ગી' સેન્ટર ફોર હોલિસ્ટિક ડેવલપમેન્ટ ઓફ વિમેન' અંતર્ગત મહિલાલક્ષી વિષયને અનુલક્ષીને મૌલિક પુસ્તક લેખનના પ્રકાશન માટે આ પુરસ્કાર મળવાપાત્ર રહેશે.
- આ યોજનાનો ઉદ્દેશ મહિલા લેખિકાઓને તેમના પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે સહાય કરવાનો છે.
- ચકાસણી અને પસંદગી સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવેલા તમામ પુસ્તક લેખન – પ્રકાશનને રૂ. 5,000/-નું ભંડોળ મળશે.
- આ યોજના અંતર્ગત પુરસ્કાર મેળવવા માટે તા. **04/06/2026** સુધીમાં અરજી કરી શકશે.
- **જે પુસ્તકના પ્રકાશન માટે પુરસ્કાર માંગ્યો હોય તેના પ્રસ્તાવની સોફ્ટ કૉપી ગુગલ ફોર્મનાં માધ્યમથી જ મોકલવાની રહેશે, ઈ-મેઈલ દ્વારા કે રૂબરૂમાં મોકલેલ દરખાસ્ત માન્ય ગણવામાં આવશે નહી.**
  **Google Form Link: https://forms.gle/UxTXPE6rnxnYYASg7**
- પુસ્તક મહિલાલક્ષી હોવું જોઈએ અને મહિલા લેખકે જ લખવાનું રહેશે.
- પુસ્તક લેખન મૌલિક જ હોવું જોઈએ અને એ અંગે લેખિકાએ લેખિતમાં બાંહેધરી આપવાની રહેશે.
- પુસ્તકનો પ્રસ્તાવ 2500 શબ્દોમાં લખીને મોકલવાનો રહેશે.
- પુસ્તકના ઓછામાં ઓછા ટાઈપ થયેલા 80 પેજ હોવા જરૂરી છે.
- પુસ્તકનો પ્રસ્તાવ મંજુર થયા પછી છ (06) મહિનાની સમયમર્યાદામાં પુસ્તકનું લેખનકાર્ય પૂર્ણ કરવાનું રહેશે.
- પુસ્તક ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ભાષામાં લખી શકાશે.
- પુસ્તકમાં કેટલા પેજ છે તે પહેલા પાના પર અનુક્રમણિકા આપી નોંધવું જરૂરી છે.
- અવ્યવસ્થિત કે સુવાચ્ય નહિ હોય તેવી પ્રત અસ્વીકાર્ય ગણાશે.
- લેખિકાનો ટૂંકો જીવન પરિચય આપતી નોંધ જરૂરી છે.
- પ્રગટ કરવા વિચારેલ પુસ્તક કે તેના કોઈ અંશને અન્ય સ્વરૂપે અગાઉ પ્રગટ થયા નથી એવું એકરારનામું આપવું ફરજિયાત રહેશે.
- સ્ક્રુટિની અને પસંદગી સમિતિ દ્વારા તમામ દરખાસ્તોની સમીક્ષા કરવામાં આવશે.
- ચકાસણી અને પસંદગી સમિતિનો નિર્ણય અંતિમ રહેશે.

- પુસ્તકમાં પ્રકાશિત માહિતી, તથ્યો, વિચારોની સંપૂર્ણ જવાબદારી લેખિકાની પોતાની રહેશે.
- પ્લેજ્યારીઝમ (નકલ કરવામાં આવી છે કે નહિ) અંગે તપાસ કર્યા બાદ જ પુસ્તકનું પ્રકાશન કરવામાં આવશે.
- પુસ્તક પ્રકાશન દરખાસ્ત અથવા અંતિમ અહેવાલમાં 10 (દસ) ટકા સાહિત્યિક ચોરી જણાશે તો તે દરખાસ્તને ગેરલાયક ઠેરવી અથવા નકારી કાઢવામાં આવશે.
- આ યોજના હેઠળ યુનિવર્સિટીમાં રજૂ કરાયેલ પુસ્તક પ્રકાશન દરખાસ્તો બીજે ક્યાંય જમા કે પ્રકાશિત કરવામાં આવી ન હોવી જોઇએ. અન્ય પ્રકાશનોમાં એકીકૃત સબમિશનને નિયનભંગ તરીકે જોવામાં આવશે અને અસ્વીકાર્ય રહેશે.
- કૉપિરાઇટ અધિનિયમના નિયમભંગના પરિણામે કાનૂની બાબત માટે લેખિકા સંપૂર્ણપણે જવાબદાર રહેશે.

- **<u>સહાયની કોઈપણ મંજૂરી નીચેની શરતોને આધિન રહેશે</u>**

- ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની નાણાકીય પુરસ્કારથી પ્રકાશિત એવી ઋણ સ્વીકારની વિગતો મુખ પૃષ્ઠની પાછળ સ્પષ્ટ રીતે લખવાની રહેશે.
- પ્રગટ થતાં પુસ્તકમાં કોઈપણ પ્રકારની જાહેરાત કે કોઈ પ્રકારનો વેપાર વિષયક સંદેશો હોવો જોઈએ નહિ.
- આ યોજના અંતર્ગત પુસ્તક પુરસ્કાર મંજૂર કરવામાં આવી હોય તેવી હસ્તપ્રતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની પૂર્વમંજૂરી સિવાય કોઈ સુધારો કરી શકાશે નહિ.
- 'ગાર્ગી' સમિતિ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પોતાને તેમ કરવું જરૂરી જણાય તો સહાય મંજૂર કરતા હુકમ હેઠળ ઉપર જણાવેલી શરતોની પૂરક શરતોનું પાલન કરવાનું આવશ્યક બનાવી શકશે.
- પુસ્તકમાં જોડણી સરકાર માન્ય જોડણીકોશ પ્રમાણે રાખવાની રહેશે.
- જે પુસ્તકના પ્રકાશન માટે આર્થિક પુરસ્કાર મંજૂર કરવામાં આવે, તેના હુકમ થયા બાદ છ (૦૬) મહિનામાં પ્રગટ કરવાનું રહેશે, આ સમયગાળા (મુદ્દત) દરમિયાન પુસ્તક પ્રકાશિત નહિ કરવાની આર્થિક પુરસ્કાર આપોઆપ રદ થયેલો ગણાશે.
- ઉચ્ચ ગુણવત્તા ધરાવતું પુસ્તક પસંદગીપાત્ર ગણવામાં આવશે. આ અંગેનો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનો નિર્ણય આખરી રહેશે.

- **પુસ્તક પ્રકાશન દરખાસ્ત રજૂ કરવાની છેલ્લી તારીખ : 04/06/2026**
- **કોઈપણ પ્રશ્નો / ક્વેરી માટે કૃપા કરીને સંપર્ક કરો : gargi.research@baou.edu.in**

# <u>આવેદન પત્ર</u>

- **લેખિકાનું પૂરું નામ અને સરનામું :**

- **જે પુસ્તકના પ્રકાશન માટે સહાયની અપેક્ષા હોય તે પુસ્તકનો પ્રકાર , શીર્ષક અને અંદાજિત પૃષ્ઠ સંખ્યા :**

- **નિર્ધારિત પ્રકાશન કાર્ય પૂર્ણ કરવા માટેનો અંદાજિત સમય : છ મહિના**

- **આ માટે અન્ય કોઈ સંસ્થામાંથી કોઈ સહાય મળવાપાત્ર છે? હોય તો દર્શાવવી :**

આથી હું જણાવું છું કે ઉપર દર્શાવેલ દરેક માહિતી સાચી છે. મારા દ્વારા લખાયેલ પુસ્તકનું લખાણ મૌલિક છે તેમજ મારા દ્વારા જ લખવામાં આવ્યું છે. ઉપર દર્શાવેલ માહિતી પૈકીની કોઈપણ બાબત ખોટી નીકળશે તો મંજૂર કરવામાં આવેલ સંપૂર્ણ રકમ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીને પરત કરવાની હું બાંહેધરી આપું છું.

**સ્થળ :**

**તારીખ :**

**સહી**

# **બાંહેધરી પત્રક**

**પ્રેષક : (નામ અને સરનામું) :**

પ્રતિ,

‘ગાર્ગી’ – મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
‘જ્યોતિર્મય’ પરિસર,
એસ.જી. હાઈવે,
છારોડી, અમદાવાદ. – ૩૮૨૪૮૧

**વિષય : મહિલાલક્ષી પુસ્તક લેખન – પ્રકાશન માટે પુરસ્કાર યોજના**

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અન્વયે પુરસ્કાર યોજના અંગેની વિચારણા અર્થે હું મારું પુસ્તક ......................................................................ની હસ્તપ્રત (બે નકલમાં) જરૂરી વિગતો અને આવેદનપત્ર સાથે મોકલું છે.

મહિલા પુસ્તક લેખન – પ્રકાશન અંગેના બધા જ નિયમો મેં બરાબર વાંચ્યા છે અને મને બંધનકર્તા રહેશે તે હું સ્વીકારું છું. મારા પુસ્તકના પ્રકાશન અર્થે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી પુરસ્કાર મંજૂર કરશે તો પુરસ્કાર માટેની બધી શરતોનું હું પાલન કરીશ આ અંગે હું બાંહેધરી આપું છું.

**સ્થળ :**

**તારીખ :**

**સહી**